# GOVERNMENT ARTS COLLEGE, JHAGADIA

**ORGANIZES**

# 7 th One Day National Seminar

# On

**Humanism in Literature**

**साहित्य में मानवतावाद**

સાહિત્યમાં માનવતાવાદ

**साहित्ये मानवतावादः**

*11th February 2023*

**Topic**

'માનવતાના ભેરું' રેખાચિત્ર સંગ્રહમાં માનવતાવાદ; એક અભ્યાસ.

ડૉ.જયશ્રી એસ. પટેલ

મદદનીશ અધ્યાપક

સરકારી વિનયન,વાણિજય અને

વિજ્ઞાન કૉલેજ બેરગામ

Mob-9724700789

Jppatel0143@gmail.com

# 'માનવતાના ભેરું' રેખાચિત્ર સંગ્રહમાં માનવતાવાદ; એક અભ્યાસ.

<u>માનવતાવાદ - અર્થ અને વ્યાખ્યા :-</u>

માનવતાવાદ એટલે - "મનુષ્ય તરફ દયા, પ્રેમ અને સહાનુભૂતિની ભાવના હોવી જોઇએ એ પ્રકારનો મત,સિદ્ધાંત, 'હ્યુમેનિઝમ."

બીજી રીતે કહીએ તો – 'માનવ કલ્યાણ એ શ્રેષ્ઠ કર્તવ્ય છે તેવો વાદ. વ્યકિત અને સમષ્ટિના સંબંધમાં માનવતા અને માનવધર્મની પ્રતિષ્ઠા કરતો અને માનવની સ્વાયત્તા અને પરમતત્વ સાથેની એની સીધી નિસ્બતનો સમાદર કરતો વૈચારિક અભિગમ; 'હ્યુમેનિઝમ'.

ભગવદ્ગોમંડલમાં 'માનવતાવાદ' નો અર્થ કંઇક આ પ્રમાણે પ્રાપ્ત થાય છે - 'માનવતાવાદ'- માનવ કલ્યાણ એ શ્રેષ્ઠ કર્તવ્ય એવો વાદ; માનવતાવાદ; 'હ્યુમેનિઝમ'.

માનવતાવાદી અભિગમને કેટલાંક વિદ્વાંનો ગુણાત્મક અભિગમ તરીકે ઓળખાવે છે. કારણ કે તે માનવ કલ્યાણ, કરુણા, દયા. પરોપકાર, સમાનતા, ન્યાય જેવા ગુણાત્મક પાસાને લક્ષમાં લે છે. માનવતાવાદ એ એક મૂલ્ય છે, જેમાં માનવ કલ્યાણ, કરૂણા, પરોપકાર, સમાનતા જેવાં મૂલ્યોનો સમાવેશ થાય છે.

'ગુજરાતી વિશ્વકોશ' મુજબ માનવવાદ એટલે – "માનવને કેંદ્રમાં રાખી પ્રચલિત થયેલી વિચારધારા; વિશ્વમાં માનવના સ્થાન, સ્વરૂપ અને મહત્વ પર ભાર મૂકતી ચિંતનપ્રણાલી". માનવીની ગરિમા – ગૌરવની સ્થાપના અને

ઉપાસના; માનવતત્વનાં ઘોતક વિશિષ્ટ લક્ષણો દા.ત. 'બૌદ્ધિકતા'ની રક્ષા માવજત તથા સંવર્ધન પર માનવવાદનો પાયો રચાયો છે.

માનવીએ પ્રથમ વાર માનવી તરીકેની ચેતના અનુભવી ત્યારથી માનવવાદ શરૂ થયો, એમ ગણી શકાય. આ પછી તો ભૌતિકવાદી બુદ્ધિનિષ્ઠ, વૈજ્ઞાનિક અભિગમ દ્વારા તેનો દાર્શનિક પાયો દ્રઢ થતો ગયો. અને માનવીની સ્વતંત્રતા, તમામ માનવીઓ વચ્ચેની એકતા અને બંધુત્વ જેવાં મૂલ્યોની પ્રતિષ્ઠા સાથે તેનું આધુનિક રૂપ ઘડાયું.

માનવતાવાદ એ મનની અભિવ્યક્તિ છે. જે મનુષ્યની શક્તિઓ, આકાંક્ષાઓ અને તેની સુખાકારીને પ્રાથમિક મહત્વ આપે છે. માનવતાવાદને અંગ્રેજીમાં 'હ્યુમેનિઝમ' શબ્દ દ્વારા સંબોધવામાં આવે છે. માનવતાવાદના વિચારનું કેંદ્રબિંદુ માનવ છે. આ વિચારધારામાં મનુષ્યના આદર, ગરિમા, કલ્યાણ અને માનવ કલ્યાણ માંટે ઉપયોગી એવા તમામ તત્વો સંબંધિત છે. ચિંતન પ્રણાલીના આધારે તેનો તંતુ ચાર્વાક – દર્શનમાં ગ્રીક ચિંતકોના ચિંતન વગેરેમાં સહજ રીતે ખોળી શકાય, યુરોપમાં પ્રગટેલા નવજાગ્રતિના, પ્રબોધનયુગનાં, ધર્મસુધારાણા તથા બુદ્ધિનિષ્ઠા અને ધર્મનિરપેક્ષતાના પ્રવાહોએ માનવવાદના પિંડને આકાર આપવામાં મહત્વનો ફાળો આપ્યો છે.

માનવતાવાદી અભ્યાસીઓ બુદ્ધિથી વિચારતા થયા અને ધર્મગ્રંથોમાં લખેલી બુદ્ધિ કે તર્કવિરોધી વાતો વિશે પ્રશ્નો ઉઠાવતા થયા,શંકા વ્યકત કરતા થયા. આમાંથી આગળ જતાં ઇશ્વર, અલૌકિક સત્તા, ધર્મગ્રથો દેવળ વગેરેના વૈચારીક સત્યને ફગાવી દઇ, માનવબુદ્ધિ દ્વારા સત્યાસત્ય નક્કી કરવાના માર્ગે વળ્યા. માનવેતર આધિપત્યને ફગાવી દેવાનાં આ પગલા સાથેજ માનવબુદ્ધિથી પર કશું ના હોઇ શકે, માનવીની બુદ્ધિ એજ માનવી એ ખ્યાલ અગ્રતા પામે છે.

તથા બૌધિક અને વૈચારીક સ્વાતંત્ર્યના મૂલ્યની પ્રતિષ્ઠા થાય છે. પ્રશિષ્ઠગ્રંથોના અધ્યયન-અધ્યાપન સાથે શિક્ષણવ્યવસ્થા અને પ્રક્રિયા-પાંગર્યા. એટલે સાહિત્ય તથા સમાજવિદ્યાના 'હયુમેનિટિઝ' નામ પણ 'હયુમેનિઝમ' સાથે સંકળાયેલું છે. અભ્યાસનું ક્ષેત્ર વિકસ્યું. આ સાથે એક નવો માનવતાવાદી મિજાજ અને જોસ્સો પ્રસરવા લાગ્યો. માનવીનો પોતાની બુદ્ધિ અને શક્તિમાં વિશ્વાસ દ્રઢ થયો.

આમ, માનવવાદ એક મૂલ્યપ્રથા છે. અન્ય વિચારધારાઓની માફક તે નિશ્રત લક્ષ્ય હાંસલ કરવા માટેના વ્યવહાર કે આચરણનો નકશો આપતો નથી, નૂતન વ્યવસ્થાનું બંધિયાર માળખું સૂચવતો નથી કે અધિકૃત કાર્યક્રમ આપતો નથી. માનવવાદ માત્ર અમુક માનવીય મૂલ્ય માટેનો આગ્રહ દર્શાવે છે અને તેના આધારે વ્યહાર, વ્યવસ્થા કે કાર્યક્રમનો માપદંડ આપે છે. દરેક પ્રજાએ આ મૂલ્યોના સંદર્ભમાં પોતાના વ્યવહાર, વ્યવસ્થા કે કાર્યક્રમ વિકસાવવાનાં છે, મૂલવવાના છે. આ વિચારધારા રાષ્ટ્ર, જાતિ, વર્ણ, વર્ગ, લિંગ, ધર્મ, શિક્ષણ, આર્થિક અને સામાજિક સ્થિતિ વગેરેના આધારે મનુષ્યો વચ્ચે ભેદભાવ કરતી નથી. કોઇપણ માનવી અન્ય મનુષ્યોથી ચડિયાતો નથી, સમાન છે, આમતે વિશ્વ નાગરિકતાના વિચારને સમર્થન આપે છે.

## <u>માનવતાવાદનાં લક્ષણો :-</u>

(૧) માનવતાવાદ આ વિશ્વને કોઇએ બનાવેલું નથી: આ મુજબ તેમને કોઇએ બનાવ્યા નથી, પરંતુ તેમનું અસ્તિત્વ સ્વતંત્ર છે.

(૨) તે જીવનના જૈવિક દૃષ્ટિકોણને સ્વીકારે છે અને શરીર અને આત્માના દ્વિ અર્થના પરંપરાગત વિચારને સ્વીકારતું નથી

(૩) માનવતાવાદ અનુસાર, માનવ આ રચનાનો એક ભાગ છે અને તંદુરસ્ત વિકાસની પ્રક્રિયાનું પરિણામ છે. જાણે એ આ વિશ્વની રચનાત્મક શક્તિઓનું સર્વોચ્ચ ફળ, જેની ઉપર તેની આકાંક્ષાઓ સિવાય બીજું કંઇ નથી.

(૪) આ વિચારધારામાં માનવીના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો છે, માનવને આ બ્રહ્માંડના સૌથી સુંદર પ્રાણી તરીકે વર્ણવવામાં આવ્યું છે. મનુષ્યમાં સર્જનાત્મક અને સદાચારી ગુણો છે.

(૫) જીવનના મૂલ્યો માનવ સંબંધોના પરિણામે રચાય છે.

(૬) તે સંસ્કૃતિના પુનરજીવનમાં માને છે.

(૭) આ મુજબ માણસનું ધ્યેય સત્યમ શિવમ સુંદરમના આદર્શને પ્રાપ્ત કરવાનું હોવું જોઇએ.

(૮) તે વિશ્વ નાગરિકતા અથવા એક વિચારધારાના સમર્થક છે જે વિશ્વ ભાઇચારો અને વિશ્વ કલ્યાણ માટે પ્રયત્ન કરે છે અને વસુધૈવ કુટુંબકમની ભાવના ફેલાવવા માગે છે.

(૯) માનવતાવાદી ફિલસૂફી ભવિષ્યની વિકાસલક્ષી પ્રક્રિયા સાથે વ્યવહાર કરે છે.

(૧૦) માનવતાવાદી ફિલસૂફી, વિજ્ઞાન, કલા અને સાહિત્ય દ્વારા જીવનના નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોને શોધવાનો પ્રયાસ કરે છે.

## 'માનવતાના ભેરૂં' રેખાચિત્ર સંગ્રહમાં માનવતાવાદ:-

'માનવતાવાદ' માનવીમાં રહેલા માનવ્યનું- માણસાઇનું ગૌરવ કરે છે. મનુષ્યને સાચા અર્થમાં માનવ બનાવનારૂં કોઇ તત્વ હોય તો તે એનામાં રહેલી માનવતા છે.

'માનવતાવાદ' શબ્દ સંભળાય ત્યારે સૌ પ્રથમ શ્રી ભગીરથબ્રહમભટ્ટનો 'માનવતાના ભેરૂં' સંગ્રહ યાદ આવે.

છિન્ન-ભિન્ન થયેલા વિષાદયુકત જગતમાં જયારે માનવી વચ્ચેના સેતુ ક્ષીણ થઇ રહયા છે, માનવી-માનવી વચ્ચેના સંબંધો લુપ્ત થઇ રહ્યા છે ત્યારે આસપાસના પરિવેશમાં જીવતાં સાવ સામાન્ય સ્તરના માનવીઓની સંવેદનાઓને સમભાવપૂર્વક સ્વીકારવી કે આલેખવી એ સુખદ અને આનંદ આપે એવી બાબત ગણી શકાય.

એકત્રીસ જેટલાં વૈવિધ્યસભર રેખાચિત્રોને આલેખતો 'માનવતાના ભેરું' સંગ્રહ સાવ સામાન્ય જણાતા માનવીઓની અસામાન્યતાને બતાવે છે.

જુદા જુદા પરિવેશમાંથી આવતાં આ પાત્રો સાથે લેખકને સીધો સંબંધ રહયો છે. અને તેથી જ તો આ બધા પાત્રોની વિશેષતાને ખૂબ બારીકાઇથી આલેખી શકયા છે. જાણે જીવંત હોય એવા આ પાત્રો વિશે નોંધતા લેખકે પોતાના નિવેદનમાં જણાવ્યું છે કે – " "તેઓ તૂટી જવાની ક્ષણ સુધી માણસાઇને અકબંધ સાચવે છે. નરી નકરી સચ્ચાઇ એમના જીવતરની જણસ છે. તેમનામાંજ ધરતીની સાચી મહેક છે. જેને  હું માણસાઇનું ઘરૂં કહું છું. ધરતીનું અજવાળું ગણું છું. જે-તે પાત્રોને વિશિષ્ટ મુદ્રારૂપે ઝીલી અસલ રૂપમાં અંકિત કરવાનો મારો આ પ્રયત્ન છે. એમ પણ કહી શકાય કે શબ્દના દીવે મેં ધરતીનાં અજવાળાં પ્રગટાવવા કોશિશ કરી છે."

ચંદુ કે શનિયો, રામસિંહ કે ગુરખાજી, નરસિંહ કે કાનજી, મનસુખ મદારી કે રંછો-ઢોલી, માધિયાની વહુ કે કંકુમાં અને હબોભાને લેખકે બન્ને આંખે જોયા જાણ્યા છે. એમનામાં રહેલી માનવતાનું લેખકે ગૌરવ કર્યું છે.

કૃતિમાં આલેખાયેલ પ્રત્યેક પાત્રને પોતાની નિજી સંવેદના છે..... કોઇને કોઇ વિશેષતા છે. પોતાના ત્રણસો રૂપિયાના પગારમાંથી એંસી રૂપિયા જનસેવા ટ્રસ્ટને દાન કરતા રામસિંહનું દ્રઢપણે માનવું છે કે 'કોઇ કે એને મદદ કરી તો એ કોઇને મદદ કેમ ન કરે ! કોઇપણ જાતની વધારે અપેક્ષા વગર નિષ્ઠા અને પ્રામાણિકતાપૂર્વક કામ કરતો રામસિંહ ભાવકના હૃદયને અત્યંત સહજતાપૂર્વક સ્પર્શી જાય છે. સુંદર મરોડદાર અક્ષરોથી સુવિચાર લખતો ચંદુ, પ્રસન્ન મુખમુદ્રા સાથે સહુને સહાયભૂત થતો ચંદુ, એની નિજી સંવેદનને – નિજી વ્યથાને – ક્યારેય ઉકેલી શક્યો નહી.

શિક્ષણના વ્યવસાય સાથે જોડાયેલ શાંતુભાઇ, આર. પી અને ભૂપેંદ્રનાં પાત્રો એમની લાક્ષણિકતાઓને કારણે વિશેષ ધ્યાન ખેંચનારા બન્યા છે.

સંગ્રહનું ઉત્તમ રેખાચિત્રો 'ઢબોભા'નું છે 'ઢબોભા એટલે ઢબોભા...' પ્રામાણિકતા અને પરોપકારિતાને કારણે સમગ્ર મલકમાં આદરપાત્ર બનેલ અને ગાંડી પત્નીને આજીવન મે'માનની જેમ સાચવનારા ઢબોભાના આંગણેથી કોઇ માંગણ ખાલી હાથે ગયો નથી.

ચોખ્ખાઇની આગ્રહી માઘિયાની વહુની લેખકે સરસ અક્ષરછબિ પાડી છે. મીઠા લહેકે શેરીને સાફસુથરી બનાવતી માઘિયાની વહુના મનની શુચિતા પણ એટલી જ નોંધનીય છે, તેની હૈયાઉકલત પણ કાબિલેદાદ છે.

જમીન માલિક સાથે લાગણીના તંતુથી સંકળાયેલો ખેડુ ઉદોજી ગણોતધારાના નવા નીકળેલા કાયદાની આડશે જમીનનો હક્કદાર સહેજે બની શકે ત્યારે પણ ખેતર જેવી વિશાળતા ધરાવતો તેનો અંતરાત્મા દુનિયાના કાયદાઓથી ઘણો સ્વચ્છ છે. તે સ્વેચ્છાએ જમીનપ્રાપ્તિ  માટે કોઇ હકદાવો કરતો નથી. પૂર્વજીવનને સાવ ખંખેરી નાખી જિંદગીની બાજી નવેસરથી ચીપતા કાનજી ભગત, વત્સલ, કંકુમાં, નરસિંહ વગેરે લાંબા સમય સુધી ભૂલાય તેમ નથી.

ભ્રાતૃભાવના, માનવતા, શ્રદ્ધા, વિશ્વાસ, પરોપકારિતા અને પ્રામાણિકતા જેવા મૂલ્યોનું સંવર્ધન કરતાં આ તમામ પાત્રો સાવ સામાન્ય સ્તરમાંથી આવતાં પાત્રો છે. સાધારણ માનવીઓની અસાધારણતા કૃતિના આકર્ષણનું કેંદ્ર બને છે.

<u>સંદર્ભ સૂચિ :-</u>

(૧) 'ભગવદ્ગોમંડલ' – ભાગ – ૭- કર્તા- ભગવતસિંહજી' પ્રવીણ પ્રાકાશન, રાજકોટ, પ્રથમ આવૃતિ-૧૯૪૮

(૨) 'ગુજરાતી વિશ્વકોશ' ખંડ-૧૫, પ્રમુખ સંપાદક- ડો. ધીરુભાઇ ઠાકર' ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ.

(૩) 'માનવતાના ભેરું – ભગીરથ બ્રહ્મભટ્ટ, આર.આર શેઠની કંપની, અમદાવાદ, પ્રથમ આવૃતિ-૧૯૯૮

(૪) 'શબ્દ ત મૌન બનીને વિસ્તરે' – ભરત પરીખ, શબ્દલોક પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃતિ-૨૦૦૪

# GOVERNMENT ARTS COLLEGE
# JHAGADIA

**College Road, Ranipura - 393 110, Dist - Bharuch, Gujarat (India)**
Affiliated with Veer Narmad South Gujarat University, Surat.
** GSIRF & Accredited by NAAC

## CERTIFICATE

*This is to certify that Prof./Dr./Mrs./Shri.*

Jayshribahen Shankarbhai Patel

of

Government Arts, Commerce & Science College, Khergam

has Participated in the

***One Day National Seminar on "Humanism in Literature"***

organized by Government Arts College, Jhagadia on ***11th February, 2023***

***S/He has presented a paper on***

'માનવતાના મેરૂ' રેખાચિત્ર સંગ્રહમાં માનવતાવાદ: એક અભ્યાસ

*Reg. No/2023/*702

**Dr. Vishalkumar J. Parmar**
Seminar Co-ordinator

**Dr. Jayesh G. Poojara**
Principal (GES Class-I) &
Seminar Director